ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ સે

શમણાઓ વિનાની રાત
નથી ગમતી મને
માણસાઈ વિનાની વાત
નથી ગમતી મને

## જન્મદિને વધામણી



ગુંજન વોરા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૨૯૫૧૧



નીતા રાણા
લાયોનેસ ક્લબ



સ્વરા જિજ્ઞેશ રાવલ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦

## શેઠ સી ઍમ હાઈસ્કૂલ દ્વારા સ્વચ્છતા સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી ઍમ હાઈસ્કૂલના ઍનસીસી કૅડેટ્સ અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા સપ્તાહ કાર્યક્રમની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી.

આ ઉપયોગી ઉજવણી બદલ શાળાનાં આચાર્ય ડૉ. ચેતના બુચ, સુપરવાઈઝર બી એ પટેલ, મુકેશભાઈ પટેલ અને દશરથભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓ ઉપરાંત વ્યાયમ શિક્ષક લાલુભાઈ દેસાઈ અને સંજયભાઈ પટેલને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઍનસીસી ઑફિસર અશોકગીરી ઍચ ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલનાં ટીના રતનલાલ જૈન પીઍચડી થયાં

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલનાં ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં શિક્ષક ટીના રતનલાલ જૈન પીઍચડી થયાં છે. ડૉ. અવધેશ ઝાના માર્ગદર્શન હેઠળ 'એ સ્ટડી ઑફ પીસ ઍમોન્ગ ધી કૉલેજ સ્ટુડન્ટ્સ ઑફ અમદાવાદ' વિષયે તેમણે તૈયાર કરેલા મહાશોધ નિબંધને કૅલોરેક્ષ ટીચર્સ યુનિવર્સિટીએ માન્ય રાખીને તેમને આ પદવી એનાયત કરી છે. આખું વિશ્વ જ્યારે ૨૧ સપ્ટેમ્બરને વિશ્વ શાંતિ દિવસ તરીકે ઉજવે છે ત્યારે ટીનાબેને વિશ્વશાંતિ સંદર્ભે સંશોધન કરી સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમને આ સિદ્ધિ બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ પરિવાર તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.



## ફૂડ ઍન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલફેર કમિટી દ્વારા ખેલાડીઓનું સન્માન

ગાંધીનગર, તા. ૨૫

ફૂડ ઍન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલફેર કમિટી દ્વારા મંગળવારે સાંજે સિદ્ધિપ્રાપ્ત બે ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના જનરલ સેક્રેટરી અનિલ મોરે દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે મલેશિયામાં પીનાંગ ખાતે યોજાયેલ એશિયન પેસીફિક એથ્લેટિક્સ માસ્ટર ગેઈમ્સ-૨૦૧૮ અંતર્ગત ચક્રફેંકમાં ગોલ્ડ, શોટપૂટમાં સિલ્વર અને હેમર થ્રોમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરનાર ગાંધીનગરનાં ખેલાડી હેમા સાગર અને થ્રો બોલની ભારતીય ટીમના ગોલ્ડ મેડલ વિજેતા તનવીરસિંહ કનુસિંહ રાણાનું કમિટી તરફથી જાહેર સન્માન સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે કરવામાં આવ્યું હતું.

### ભારતીય વિદ્યા ભવન, અમદાવાદ ખાતે

## આજે ગુજરાતી એકાંકી નાટ્યસ્પર્ધામાં ગાંધીનગરનાં બે નાટકો ભજવાશે

ગાંધીનગર, તા. ૨૩

ભવન્સ કલ્ચરલ એકેડેમી અને સૅન્ટર ફૉર આર્ટ્સ દ્વારા કુલપતિ કનૈયાલાલ મુનશી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધામાં આજે ગાંધીનગરનાં બે નાટકોની ભજવણી થઈ રહી છે.

અમદાવાદમાં પ્રથમ જ વખત યોજાઈ રહેલી આ નાટ્યસ્પર્ધા માટે ૩૫ જેટલી ટીમોએ નોંધણી કરાવી છે, જે પૈકી ગાંધીનગરની પાંચ ટીમો પણ સામેલ છે. મુંબઈની એક ટીમ પણ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે. આ ઉપરાંત ભરુચ, સુરત, વડોદરા, પાલનપુર, જામનગર, અમદાવાદ, વિસનગર, નવસારી અને ભાવનગરનાં નાટકો પણ સ્પર્ધામાં રજૂ થઈ રહ્યાં છે.

ભારતીય વિદ્યા ભવનના જે એ ઓડિટોરિયમ, ખાનપુર, અમદાવાદ ખાતે આ સ્પર્ધાનો પ્રાથમિક રાઉન્ડ તા. ૨૪ સપ્ટેમ્બરથી આરંભાયો છે, જેના અંતિમ દિવસે બુધવારે ગાંધીનગરના મૃદંગ મૅનેજમૅન્ટ નિર્મિત, જીગર રાણા લિખિત-દિગ્દર્શિત નાટક 'રાઈટ ટર્ન' અને ગાંધીનગર કલ્ચરલ ફૉરમના બૅનર તળે કુંતલ નિમાવત લિખિત અને દિગ્દર્શિત નાટક 'મને તરસ મૃગજળની' ભજવાશે. ગાંધીનગર કલ્ચરલ ફૉરમ સંચાલિત સ્કૂલ ઑફ ઍક્ટિંગનાં તાલીમાર્થી ઋચા વૈષ્ણવ, વેદાંત ઠાકર, મંથન બુદ્ધ તથા પ્રશિક્ષક મૌન સાધુ દ્વારા આ નાટકમાં અભિનય આપવામાં આવી રહ્યો છે. સંગીત સંચાલન પર્વ નિમાવત દ્વારા, લાઈટ સંચાલન સાબિર મલેક દ્વારા અને મેક-અપની સેવા પ્રતિક્ષા નિમાવત દ્વારા આપવામાં આવી રહી છે.

સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ ૨૯મીએ યોજવામાં આવશે.

## સાઉથ એશિયન ગેમ્સમાં ગુજરાતને પાંચ મૅડલ્સ

### યશ્વી ચૌહાણે સિલ્વર મૅડલ પોતાના નામે કર્યો

ગાંધીનગર, તા. ૨૫

સાઉથ એશિયન ગેમ્સમાં અમદાવાદની સ્કેટર યશ્વી ચૌહાણે સિલ્વર મૅડલ પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

સાઉથ કોરિયામાં આ ગેમ્સ ૪થી ૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ હતી, જેમાં ગુજરાતના બે ખેલાડીઓએ બે ગોલ્ડ અને ત્રણ સિલ્વર મળીને કુલ પાંચ મૅડલ્સ જીત્યા હતા. મિશ્રી પરીખે જુનિયર કૅટેગરીમાં ફિગર સ્કેટિંગમાં અને દ્વીપ શાહે કૅડેટ કૅટેગરીમાં ગોલ્ડ મૅડલ જીત્યો હતો. દ્વીપનો આ કૅટેગરીમાં આ સતત બીજો ગોલ્ડ મૅડલ છે.

સાઉથ એશિયન ગેમ્સમાં ૧૮ દેશોના સ્કેટર્સે ભાગ લીધો હતો. ભારતીય ટીમના કોચ તરીકે જ્યુતિકા દેસાઈ અને જજ તરીકે ડૉ. કિરણ દેસાઈએ પોતાની સેવાઓ આપી હતી.

અમદાવાદ-ગાંધીનગરમાં તબીબ તરીકે સેવારત ડૉ. વિમલ ચૌહાણ અને ડૉ. શીતલ ચૌહાણની દીકરી યશ્વીને આ સિદ્ધિ બદલ જણસારી સમાજે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનું ગૌરવ




એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા ખાતે ધોરણ-૮ઈમાં અભ્યાસ કરતીવિદ્યાર્થિની ફ્લોરા ઍંજિનિયરે અમદાવાદ ખાતે યોજાયેલ ત્રીજી વિકટર બેડ મિંટન ચેમ્પિયનશીપ-૨૦૧૮ સ્પર્ધામાં અંડર-૧૩ ગર્લ્સ સિંગલમાં પ્રથમ સ્થાન સાથે પ્રમાણપત્ર અને રૂા. ૧૦,૦૦૦ રોકડ ઈનામ તથા અંડર-૧૭ ગર્લ્સ સિંગલમાં તૃતીય સ્થાન સાથે પ્રમાણપત્ર અને રૂા. ૩૦૦૦ રોકડ ઈનામ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થિનીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## આદર્શ નિવાસી શાળામાં મૅડિકલ ચૅક-અપ કૅમ્પ



ગાંધીનગર, તા. ૨૫

આદર્શ નિવાસી શાળા (અજા, કુમાર), ગાંધીનગર ખાતે સોમવારે મૅડિકલ ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અર્બન હૅલ્થ સૅન્ટર, સૅક્ટર-૨, ગાંધીનગરનાં ડૉ. યેશા ટેલર, ડૉ. પૂજા ખત્રી અને તેમનાં સહયોગી ફિમેલ હેલ્થ વર્કર જિજ્ઞાસાબેન મકવાણા તથા ફાર્માસીસ્ટ અવનીબેન પટેલની ટીમ દ્વારા શાળાના ધોરણ-૯થી ૧૨ સુધીના કુલ ૧૨૦ વિદ્યાર્થીઓનું મૅડિકલ ચૅક-અપ આ ઉપક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓનું વજન-ઊંચાઈ ચૅક કરી બૉડી ચૅક-અપ, આંખ, દાંત, સ્વાસ્થ્ય અંગેની પ્રાથમિક પૂછપરછ અને તપાસ કરવામાં આવી હતી.

ડૉક્ટરની તપાસ દરમિયાન સામાન્ય બીમારીવાળા વિદ્યાર્થીઓને જરૂરી દવાઓ પણ આપવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓને વધુ તકલીફ હોય તેમને આગળ તપાસ કરાવી યોગ્ય સારવાર કરાવવાનું નિદર્શન ડૉક્ટર બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. મૅડિકલ ચૅક-અપ કૅમ્પનું આયોજન અને વ્યવસ્થાપન દિપ્તીબેન વૈષ્ણવ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય કે જી સોલંકીએ વિદ્યાર્થીઓને આ અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. આ મૅડિકલ કૅમ્પમાં શાળા પરિવારના સઘળા સભ્યો જોડાયા હતા.

### વાર્તાયન : પર્વ-૯માં

## ડૉ. પ્રભુદાસ પટેલ અને પ્રૉ. સંજય પટેલનું વાર્તાપઠન



### નેપાળી લેખક પોષણ પાંડેની વાર્તા (જીજાજી કા સ્વેટર)નું પઠન પ્રા. ડૉ. લીનાબહેલ સવાદિયાએ કર્યું

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતી ભાષામાં નવા વાર્તાકારોને એક મંચ આપવા અને તેઓને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના અને લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી મધુરાય સંપાદિત "મમતા" વાર્તામાસિક અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી " વાર્તાયન "પર્વ - ૯ ની બેઠક તા. ૨૩, સપ્ટેમ્બરને રવિવારે સાંજે સાડા પાંચ કલાકે શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ મુકામે મળી હતી. જેમાં આરંભે વાર્તાયનના સંયોજક અને સર્જકશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટે બન્ને વાર્તાકારોનો પરિચય આપીને સૌ સર્જકો તથા ભાવકોને આવકાર્યા હતા. આરંભે નેપાળી ભાષાના જાણીતા લેખક પોષણ પાંડે લિખિત અને ડૉ. શોભા લિમ્બૂ યલ્મો અનુદિત બહૂચર્ચિત નેપાળી વાર્તા " જીજાજી કા સ્વેટર " નું વાંચન પ્રા.ડૉ. લીનાબેન સ્વાદિયાએ કર્યું હતું. ત્યારબાદ વાર્તાયનની આ બેઠકમાં શ્રી પ્રભુદાસ પટેલે પોતાની " ફોરી ફૂલ " વાર્તા અને શ્રી સંજય પટેલે પોતાની મૌલિક વાર્તા "રકેબી" વાંચી હતી. આ ત્રણેય વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો, ભાવકો દ્વારા ઊંડાણ પૂર્વકની ચર્ચા - સમીક્ષા કરવામાં આવી હતી.

નેપાળી વાર્તા જેજાજીકા સ્વેટરમાં એક સ્ત્રીના માનસિક સંચલનોની ગૂંથણી એકદમ કલાત્મક રીતે કરીને ભાવકોને પ્રસન્ન કર્યા હતા. પ્રભુદાસ પટેલની વાર્તામાં નારીભાવનાની સંવેદનશીલ વાતને માર્મિક રીતે પ્રતુત કરવામાં આવી હતી જ્યારે સંજય પટેલની રકેબી વાર્તા દલિત ભાવનાની એક સામાજિક પરિસ્થિતિ સાથેના સંદર્ભો ગૂંથીને વાર્તાને રસપ્રદ બનાવી હતી. આ ત્રણેય વાર્તાઓની સૌ એ પ્રસંશા કરી હતી. બધાની ચર્ચાને અંતે શ્રી કલ્પેશ પટેલે એ ત્રણેય વાર્તાઓની સમીક્ષા કરીને પોતાનો મત રજુ કર્યો હતો.

આ પર્વમાં બન્ને સર્જકોને ભાવકો તરફથી વાર્તા રચના અને શૈલી અંગે કેટલાક પ્રશ્નો કરવામાં આવ્યા હતા જેના બન્ને સર્જકોએ જવાબો આપીને સૌને વાર્તા સ્વરૂપની નવી વિભાવનાઓથી માહિતગાર કર્યા હતા

આ બેઠકમાં જાણીતા સર્જક શ્રી ડૉ. કેશુભાઇ પટેલ, પ્રજ્ઞા પટેલ, ડૉ. મીરા રામનિવાસ અમૃત પટેલ, ડૉ. ભરત પટેલ, અજય રાવલ, સંજય થોરાત, ડૉ. કિરીટ શુકલ, સવજીભાઇ રાઠવા, એ.વી.ઠાકર, રવિ ડારિયા, તથા અનેક ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. અંતે આભારવિધિ સંયોજકશ્રી કનૈયાલાલ ભટ્ટે કરી હતી. દર મહિનાના ત્રીજા રવિવારે યોજાતા આ વાર્તાયન સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે.

## ગાંધીજીએ ગુજરાતીમાં લખેલો પત્ર અમેરિકામાં ૪.૫ લાખમાં વેચાયો

ગાંધીનગર, તા. ૨૫

મહાત્મા ગાંધી દ્વારા લખવામાં આવેલો તિથિ વગરનો એક પત્ર આશરે ૪.૫ લાખ રૂપિયામાં વેચાયો હતો. ગાંધીજીએ આ પત્રમાં ચરખાના મહત્વ પર જોર આપ્યું હતું. આ જાણકારી અમેરિકાના આરઆર ઓક્શને આપી છે. ઓક્શન હાઉસના એક નિવેદન પ્રમાણે આ પત્ર ગુજરાતી ભાષામાં લખાયેલો છે અને યશવંત પ્રસાદ નામના વ્યક્તિને સંબોધિત કર્યું છે.

મહાત્મા ગાંધીજીએ પત્રમાં લખ્યું છે કે અમને મિલો પાસે આશા હતી તેવું જ થયું છે. તમે જે કહો છો તે સાચું છે. ચરખા વિશે મહાત્મા ગાંધીનો ઉલ્લેખ અસાધારણ રૂપથી મહત્વપૂર્ણ છે. કારણ કે તેમણે તેને આર્થિક આઝાદીના પ્રતીક તરીકે અપનાવ્યો હતો.

સ્વતંત્રતા આંદોલન દરમિયાન ગાંધીજીએ ભારતીયોને એ માટે પ્રોત્સાહિત કર્યા હતા કે તે સ્વતંત્રતા આંદોલનના સમર્થનમાં દરરોજ ખાદીના કાતણમાં વ્યસ્ત રહે. તેમણે બધા ભારતીયોને સ્વદેશી આંદોલન પ્રમાણે બ્રિટન નિર્મિત કાપડના બદલે ખાદી પહેરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

### ઈસરોના ચેરમેન ડૉ. કે. સિવનનું નિવેદન

## ૨૦૧૯ના અંત સુધીમાં ભારતને ૧૦૦ જીબી ઈન્ટરનેટ સ્પીડ મળશે

ગાંધીનગર, તા. ૨૫

કંગાળ ઈન્ટરનેટ સ્પીડ ભારતમાં લોકોની મોટી ફરિયાદ છે, પણ આવતા વર્ષના અંત સુધીમાં આ સમસ્યા દૂર થઈ જવાની ધારણા છે. ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના ચેરમેન ડો. કે. સિવનનું કહેવું છે કે ૨૦૧૯ની સાલના અંત સુધીમાં ભારતને ૧૦૦ જીબીપીએસ ઈન્ટરનેટ સ્પીડ મળતી થઈ જશે, જે હાલ આશરે ૧૦ જીબીપીએસ કરતાં પણ ઓછી છે.

સિવને કહ્યું છે કે ૨૦૧૭માં અવકાશમાં લોન્ચ કરાયેલા ભારતના કૃત્રિમ ઉપગ્રહ GSAT-૧૯, તેમજ હજી લોન્ચ કરવાના બાકી છે તે GSAT-૧૧, GSAT-૨૯ અને GSAT-૨૦ બધા સાથે મળીને હાઈ બેન્ડવિથ કનેક્ટિવિટી પૂરી પાડશે અને ડિજિટલ સેક્ટરમાં જે અંતર છે તે દૂર કરી દેશે.

જિયો ફાઈબરે ખાતરી આપી છે કે એ ભારતીયોને એટલી બધી ઈન્ટરનેટ સ્પીડ આપશે કે ભારતીયોએ અત્યાર સુધી ક્યારેય જોઈ નહીં હોય, પણ ઈસરોના ચેરમેને કહ્યું છે કે દેશભરમાં ૧૦૦ જીબીપીઍસ ઈન્ટરનેટ સ્પીડ મળશે.

ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યાની દ્રષ્ટિએ દુનિયામાં ભારત બીજા નંબરે છે, પણ હાલની બ્રોડબેન્ડ એવરેજ સ્પીડની દ્રષ્ટિએ ભારતનો નંબર ૧૪૯ દેશોમાં ૮૯મો છે. ૨૦૧૭ના ડિસેંબરના અંત સુધીમાં ભારતમાં ૪૮ કરોડ ૧૦ લાખ ઈન્ટરનેટ યુઝર્સ નોંધાયા હતા. દેશની કુલ વસ્તીનો આ ૩૫ ટકા હિસ્સો થાય.

દુનિયામાં સૌથી વધુ ઈન્ટરનેટ સ્પીડ ધરાવતા દેશોની યાદીમાં સાઉથ કોરિયા પહેલા નંબરે છે. ત્યાં ૨૮.૬ જીબીપીઍસ સ્પીડ મળે છે. ટૉપ-૫માં અન્ય છે – નોર્વે (૨૩.૫), સ્વીડન (૨૨.૫), હોંગકોંગ (૨૧.૯) અને સ્વિટ્ઝરલેન્ડ (૨૧.૭).

## મોઢેરાના સૂર્યમંદિર ખાતે પ્રવેશ ફીના ચાર્જમાં વધારો

### દેશના મુલાકાતીઓ માટે પચીસ રૂપિયા અને વિદેશીઓ માટે ૩૦૦ રૂપિયા

ગાંધીનગર, તા. ૨૫

મોઢેરાનું ઐતિહાસિક સૂર્યમંદિર એ એક ઐતિહાસિક વારસો ધરાવે છે તેમજ દરેક નાગરિક આ વારસાથી પરિચિત છે. તેને જોવા માટે આવતા પર્યટકો પાસેથી પુરાતત્વ વિભાગ દ્વારા પ્રવેશ ટિકિટ દર રૂ.૧૫થી વધારીને રૂ.૨૫ કરવામાં આવ્યો છે. જ્યારે અહીં વાહન પાર્કિંગ માટે પણ રૂ.૧૦થી ૩૦ સુધી ચાર્જ વસુલાય છે.

સૂર્યમંદિરની બેનમૂન શિલ્પકલા નિરખવા માટે દેશ-વિદેશમાંથી ક્યાંય ક્યાંયથી અહીં પર્યટકો આવતા હોય છે. અહીં સૂર્યમંદિર જોવા માટે આવતી ભારતીય પ્રવાસી પાસેથી પ્રવેશ ટિકિટ રૂ.૧૫થી વધારીને રૂ.૨૫ કરી દેવાયો છે. જે મધ્યમવર્ગી પ્રવાસીઓ માટે મોંઘી સાબિત થઈ શકે છે. તો વિદેશી પ્રવાસીઓને પ્રવેશ માટે રૂ.૨૦૦ હતાં જે હવે રૂ.૩૦૦ ચુકવવા પડશે.

તેમજ સૂર્યમંદિર સંકુલમાં પર્યટકો માટે પીવાનાં પાણી અને ટોઈલેટ સિવાય બીજી કોઈ ભૌતિક સુવિધા નથી. તેમજ અંદર બેસવું હોય તો બાંકડાની પણ વ્યવસ્થા નથી. જો કે તેમ છતાં ફીમાં વધારાથી પ્રવાસીઓમાં નારાજગી જોવાં મળી છે. વર્ષ ૧૯૯૬માં મંદિર નિદર્શનનો ચાર્જ રૂપિયા ૨ હતો જે વધતાં વધતાં ૧૫ રૂપિયા સુધી થયો હતો.

જો કે ગત ઓગસ્ટ માસથી આ દરમાં રૂપિયા ૧૦નો વધારો ઝીંકી દેતા હવે ૨૫ રૂપિયા કરવામાં આવતાં પ્રવાસીઓએ મુલાકાત ફીમાં ઘટાડો કરવા અંગે માંગ ઉચ્ચારી છે. એવો પ્રવાસીઓનો આરોપ છે.

મોઢેરા સૂર્યમંદિરે આવતા પ્રવાસીઓ દૂર દૂરથી આવતા હોય છે. જેમનાં માટે પીવાનાં પાણીની અને ટોઈલેટની સારી સગવડ હોવી પણ જરૂરી છે. પરંતુ, અહીં આવતા પ્રવાસીઓ પણ ફરિયાદ કરી રહ્યાં છે કે, અહીં પીવાનું પાણી અને ટોઈલેટ સુદ્ધાની સારી વ્યવસ્થા નથી. ત્યારે વિદેશી પ્રવાસીઓ માટે સારા ફૂડ કે ખાણીપીણીની વ્યવસ્થા પણ કાંઈ જ નથી.

## વૉટ્સએપ પર ફેક ન્યૂઝ અટકાવવા ભારતમાં અધિકારીની નિમણૂંક કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

મેસેજિંગ એપ વોટસએપે ભારત માટે ફરિયાદ ઉકેલ અધિકારીની નિમણૂક કરી છે. આ અધિકારી પર ઉપયોગકતાર્ઓ દ્વારા ફેલાવાતા ફેક ન્યુઝ સહિત અન્ય ફરિયાદો અને ચિંતાઓ દૂર કરવાની જવાબદારી રહેશે. સરકાર તરફથી નકલી સમાચારો ફેલાતાં અટકાવવા માટે વોટસએપ પાસે કરવામાં આવેલી માગણીઓ પૈકીની આ મુખ્ય માગણી હતી જેનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. ફેસબુકની માલિકીવાળા વોટસએપે પોતાની સત્તાવાર વેબસાઈટ પર જાહેરાત કરી છે કે કોમલ લાહિરી ભારતમાં કંપનીની ફરિયાદ ઉકેલ અધિકારી તરીકે કાર્યરત રહેશે. તેમને યુઝર્સ ઈ-મેઈલ અને પત્ર લખીને ફરિયાદો કરી શકશે. લાહિરીની લિંકડઈન પ્રોફાઈલ અનુસાર તે વોટસએપના વૈશ્વિક ગ્રાહક પરિચાલન અને સ્થાનીયકરણમાં વરિષ્ઠ ડાયરેક્ટર છે. જો કે વોટસએપના પ્રવક્તા સાથે સંપર્ક કરવા પર તેણે ટીપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે એટલું જ કહ્યું હતું કે કંપનીની સાઈટ પર સાર્વજનિક રીતે જારી પ્રશ્નોત્તરમાં આ અંગેની જાણકારીઓ રહેલી છે. ફરિયાદ ઉકેલ અધિકારીની નિમણૂક ઓગસ્ટના અંતમાં કરવામાં આવી હતી. વોટસએપ પર જો કોઈને ખોટા અહેવાલો પ્રસારિત થઈ રહ્યાનું લાગે કે તેઓ તુરંત જ કંપનીને ફરિયાદ કરી શકે છે.

## ભારતની મોટી સફળતા : ઓડિશામાં ઈન્ટરસેપ્ટર મિસાઈલનું સફળ પરીક્ષણ

ગાંધીનગર, તા. ૨૫

ભારતે ઓડિશાના કિનારે ઈન્ટરસેપ્ટર મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. સંરક્ષણ વિભાગનાં સૂત્રોના જણાવ્યા અનુસાર દ્વિસ્તરીય બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ વિકસિત કરવાની દિશામાં ભારતે ખૂબ મોટી અને મહત્ત્વની સફળતા મેળવી છે.

ઓડિશામાં ચાંદીપુરના દક્ષિણે લગભગ ૭૦ કિમી દૂર અબ્દુલ કલામ દ્વીપથી (જેને અગાઉ વ્હીલર આઈલેન્ડ તરીકે ઓળખવામાં આવતો હતો) ઈન્ટરસેપ્ટર મિસાઈલને રાતે લગભગ આઠ વાગ્યે છોડવામાં આવ્યું હતું.

ડીઆરડીઓના એક વિજ્ઞાનીના જણાવ્યા પ્રમાણે આ પૃથ્વી ડિફેન્સ વ્હીકલ મિશનનો ટાર્ગેટ વાયુમંડળના ૫૦ કિલોમીટર ઉપર રાખવામાં આવ્યો હતો. પીડીવી ઈન્ટરસેપ્ટર અને મિસાઈલ સફળતાપૂર્વક તેનું લક્ષ્ય ભેદવામાં સફળ રહી હતી.

આ ઈન્ટરસેપ્ટર મિસાઈલની ખાસિયત એ છે કે રડાર આધારિત ટોહી સિસ્ટમથી દુશ્મનની બેલેસ્ટિક મિસાઈલની આસાનીથી જાણ થઈ જાય છે અને તેનો પીછો પણ કરી શકે છે.

રડારથી પ્રાપ્ત થઈ રહેલાં આકડાઓનું કમ્પ્યૂટર નેટવર્કે એકદમ સચોટ વિશ્લેષણ કર્યું હતું અને આવનારી મિસાઈલને તોડી પાડી હતી. તમામ ગતિવિધિઓ પર રિયલ ટાઈમ નજર રાખવામાં આવી હતી. આ ઈન્ટરસેપ્ટરનું અગાઉ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૭માં પણ સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.